ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં શ્રાધ્ધના દિવસોમાં દૂધનો વપરાશ વધ્યો

## દૂધ વાપરનાર મંડળી દ્વારા દરરોજના પાંચ હજાર બસો લીટર દૂધનું વધુ વેચાણ : જયારે નોમના દિવસે દસ હજાર લિટરથી પણ વધુ



ગાંધીનગર, તા.૧૪
ભાદરવો મહિનો એટલે શ્રાદ્ધનો મહિનો. પિતૃ માટે શ્રધ્ધાથી કરવામાં આવેલું મુકિત કર્મ. આ દિવસો દરમિયાન જે તિથિમાં ઘરના વડીલનું મૃત્યુ થયું હોય તે તિથી ભાદરવા માસના દિવસે તેમની શ્રાધ્ધ તિથિ કહેવાય છે. તેમના મત્યુ થયા પછીના ત્રીજા વર્ષે શ્રાધ્ધમાં ભેળવ્યા તેમ કહેવાય છે અને તે પછી દર વર્ષે ભાદરવા માસમાં પિતૃ શ્રાધ્ધ તર્પણ વિધિ કરાય છે. આ દિવસે કાગડા, કૂતરા અને ગાયો માટે અન્નનો અંશ કઢાય છે. ઉપરાંત ઘરે ઘરે દૂધપાક કે ખીર બને છે. કાગવાસ નાંખતી વખતે ખીર, વડા બનાવાય છે. આ તમામ માટે દૂધનો મહત્તમ ઉપયોગ થાય છે અને આ દિવસો દરમિયાન દૂધનું વેચાણ પણ વધુ થાય છે. નગરમાં પણ શ્રાધ્ધના દિવસો દરમિયાન દરરોજ કરતા લગભગ પાંચ હજાર બસો લીટર દૂધનું વેચાણ વધુ થયું છે જયારે નોમના દિવસે વેચાણ દસ હજાર લીટરથી પણ વધ્યું હતું.

નગરમાં લોકડાઉન હતું ત્યારે પણ દૂધની માંગ ઘટી ન હતી ઉપરાંત નગરમાં કંઈ મળે ન મળે દૂધ ઉપલબ્ધ હતું ત્યારે અને આજે પણ દૂધની માંગ વધતી જઈ રહી છે. ઉપરાંત શ્રાધ્ધના સમયમાં નગરમાં દૂધનું વેચાણ વધ્યું હતું તેવું નગરના દૂધ મંડળી તથા મધુર ડેરી સાથે જોડાયેલ કર્મચારીઓનું કહેવું છે.

દૂધ મંડળી સાથે જોડાયેલા કર્મચારીઓનું કહેવું છે કે રેગ્યુલર દિવસો કરતા શ્રાધ્ધ દરમિયાન ૫,૨૦૦ લીટર વધુ દૂધનું વેચાણ નગરમાં થયું છે. આ ઉપરાંત મધુર ડેરીના ડી.એસ. પટેલનું કહેવું છે કે શ્રાદ્ધ પક્ષ દરમિયાન લગભગ સોળથી વીસ હજાર દૂધની બેગ્સ વેચાઈ છે જેમાં ગોલ્ડ અને બફેલોનું વેચાણ વધુ થયું છે. આમ નગરજનોએ ખાસ તો કોરોનાને લીધે પણ ઘરે જ દુધપાક કે ખીર બનાવીને શ્રાદ્ધ પક્ષની વિધિ કરી છે.

## ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને એસઓજી પોલીસે ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર જિલ્લાના કલોલ શહેર પોલીસ મથકના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીનો એસઓજી પોલીસે ઝડપી પાડયો છે. એસઓજી પી.આઈ. ડી.બી. વાળાના માર્ગદર્શન હેઠળ ટીમ પી.એસ.આઈ. આર.બી. પરમાર તેમજ કર્મચારીઓ જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા પો. કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે કલોલ શહેર પોલીસ મથકના ગુનામાં નાસતો ફરતો આરોપી રસુલ લાલમહંમદ સિંધી (રહે. લશ્કરીકુવા પાસે મહેસાણા)ને ચરેડી છાપરા પાસેથી ઝડપી પાડયો હતો. પોલીસે પુછપરછ કરતા તેણે વર્ષ ૨૦૧૭માં પટેલ કોલોની પાસેથી બાઈક ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરના વોર્ડ નં.૪માં સમાવિષ્ટ સેક્ટર-૨૫માં સહકાર કોલોની ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક મહિલા કોર્પોરેટર નીલાબેન શુક્લ સહિત અગ્રણીઓ કનુભાઈ દરજી, પ્રેમલભાઈ શાહ, સુરેશભાઈ મહેતા, અલ્પેશભાઈ ભટ્ટ, રાજસ્થાન સેવા સમાજ ટ્રસ્ટના અધ્યક્ષ તુલસીભાઈ માળી ઉપરાંત રાકેશભાઈ પટેલ, પંકજભાઈ શુક્લ તથા સેક્ટરના યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.

## સે-૨૯માં બંધ સરકારી મકાનમાંથી ૫.૮૮ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર શહેરમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. ચોર ટોળકી ચોરી કરી પોલીસને પડકાર ફેંકતી હોય તેમ લાગી રહ્યું છે. ચોર ઈસમોએ પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે. એક પછી એક ચોરી કરી ચોર ઈસમો સિફતપૂર્વક ફરાર થઈ જાય છે ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે 'ચ' ટાઈપ સરકારી આવાસ ખાતે બંધ મકાનમાં ચોર ઈસમો ત્રાટકયા હતા. પરિવાર અમદાવાદ ખાતે ગયો હતો તે સમયે મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી કેમેરો તેમજ તેની સાથેનો સામાન, સોના ચાંદીના દાગીના, લેપટોપ સહિત કુલ રૂ. ૫.૮૮ લાખની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૯ 'ચ' ટાઈપ સરકારી મકાન નં. ૯૬/૧ ખાતે રહેતા પરવેઝ કરીમભાઈ લાખવા (ઉ.વ. ૪૨) માહિતી વિભાગમાં ફરજ બજાવે છે. માર્ચ ૨૦૧૯થી મુખ્યમંત્રી કાર્યાલય ખાતે ફરજ બજાવે છે અને વિડિયોગ્રાફી કરે છે. જેને પગલે તેઓને વિભાગ તરફથી વિડીયો કેમેરો આપવામાં આવ્યો હતો. શનિ-રવિ રજા હોવાથી તેઓ અમદાવાદ શાહઆલમ ખાતે સાસરીમાં ગયા હતા. રવિવારે રાત્રે પોણા અગિયાર વાગે પરવેઝભાઈ ઘરે પરત ફર્યા હતા ત્યારે મેઈન દરવાજાનું તાળુ તુટેલું હતું. તેઓએ ઘરમાં તપાસ કરી તો ઘરનો સામાન વેર વિખેર પડયો હતો. જયારે ઘરમાંથી ચોર ઈસમો સોની પીડબલ્યુ+ ઝેડ-૨૮૦ મોડલનો વિડિયો કેમેરો, ૩ નંગ બેટરી, ૧૨૮ જીબીના ૨ મેમરી કાર્ડ, એડોપ્ટર, કાર્ડ રીડર, બેટરી ચાર્જર, એસડી કાર્ડ, કેમેરા બેગ મળી રૂ. ૫ લાખ, સોનાનું દોઢ તોલાનું ડોકીયુ રૂ. ૬૦ હજાર, સોનાની બે વીંટી રૂ. ૨૦ હજાર, એચપીનું ૭ વર્ષ જુનું લેપટોપ રૂ. ૩ હજાર અને રૂ. ૫ હજાર રોકડા મળી કુલ રૂ. ૫.૮૮ લાખની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# મહાનગરમાં પાયાની સુવિધાઓમાં લોલંલોલ સામે વસાહત મહાસંઘનો બોલતો "મૌન" મિજાજ

## રોડ-રસ્તા, રખડતા ઢોર, ગેસ-વિજળી-પાણી સહિત અનેક મુદ્દે સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે મૌન દેખાવો : મુખ્યમંત્રી, મેયર, જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર










ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આજે સંસ્થાના હોદ્દેદારો, વિવિધ સેકટરોના વસાહત મંડળોના પમુખ અને મંત્રીઓ સહિત નગરના અગ્રણી આગેવાનો તેમજ નિવૃત કર્મચારીઓએ મોટી સંખ્યામાં સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ઉપસ્થિત રહી શહેરમાં રોડ-રસ્તા, રખડતા ઢોર અને ગેસ-વિજળી-પાણી મુદ્દે સહિત વિવિધ સુવિધા અંગે પડી રહેલી મુશ્કેલીઓ અંગે મૌન દેખાવો કર્યા હતા. આ સાથે શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ મુખ્યમંત્રીના સચિવ, શહેરના મેયર તથા જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનર વગેરેને રૂબરૂ મળી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

છેલ્લા કેટલાક દિવસથી શહેર વસાહત મહાસંઘ દ્વારા વિવિધ સેકટરમાં બેઠકોનો દૌર યોજીને વસાહતીઓની સમસ્યાઓને જાણવાનો અને તે અંગે અગ્રણી વસાહતીઓને લડતમાં જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વસાહત મહાસંઘના આ પ્રયાસને સારો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો અને વિવિધ સેક્ટરોની સમસ્યાઓ અંગે જાણકારી મહાસંઘ આગળ ઊભરી આવી હતી. આ પછી આજે મહાસંઘ દ્વારા શહેરના વસાહતીઓની આ પાયાનીઓ સમસ્યાઓ અંગે આવેદન પત્ર આપવાનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો અને તે માટે સેક્ટર-૬માં એકઠા થઈને મૌન દેખાવો કરવામાં આવ્યા હતા જેમાં વસાહતીઓએ વિવિધ સૂત્રો લખેલા પ્લેકાર્ડ પણ પ્રદર્શિત કર્યા હતા. આ પછી વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ મુખ્યમંત્રી કાર્યાલયે જઈને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું જે મુખ્યમંત્રીની ગેરહાજરીમાં તેમના અંગત સચિવ કમલ શાહે સ્વીકાર્યું હતું. આ પછી વસાહત મહાસંઘ દ્વારા જિલ્લા કલેકટર, શહેરના મેયર તેમજ મ્યુનિસિપલ કમિશનરને પણ રૂબરૂ મળી આવેદનપત્ર આપવામાં આવ્યા હતા અને વસાહતીઓને પડી રહેલ મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી સત્વરે ઉકેલવા રજૂઆત કરવામાં આવી હતી.

વસાહત મહાસંઘના આ અભિયાનમાં સંસ્થાના હોદ્દેદારો કેશરીસિંહ બિહોલા, રાજેન્દ્રભાઈ પારેખ, પ્રદિપસિહ બિહોલા, કે. પી. સોલંકી, જયેશભાઈ આગજા, સી કે સોની, વિઠ્ઠલભાઈ પરમાર, લાલુભા વાઘેલા, કાનજીભાઈ દેસાઈ, હિમાંશુભાઈ ભચેચ, જે કે પરમાર, બી એમ ભરવાડ, તેજાભાઈ દેસાઈ, મેહુલ પટેલ, ધીરુભાઈ ચારણ, જયેન્દ્રભાઈ ઠક્કર, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, નરેન્દ્રભાઈ વાઘેલા, દિનેશભાઈ બ્રહ્મભટ્ટ, રામેશ્વરભાઈ લોટ, મુળસિહ ચાવડા, સુરેન્દ્રસિહ વાઘેલા તથા અન્ય અગ્રણીઓએ મોટી સંખ્યામાં રહ્યા હતા.

### કયા કયા મુદ્દાને આવેદનપત્રમાં આવરી લેવાયા?

શહેર વસાહત મહાસંઘ દ્વારા આપવામાં આવેલા આવેદન પત્રમાં શહેરમાં બિસ્માર રોડ-રસ્તા, સ્વચ્છતા, ઉભરાતી ગટરો, વિકાસ કાર્યોમાં ખોદકામ બાદ અયોગ્ય માટી પુરાણને કારણે સર્જાતા ભયજનક ભુવા, પીવાના પાણીની કટાઈ ગયેલી પાઈપલાઈનો, જોખમી રીતે રખડતા ઢોર અને કુતરા, ખંડેર બની ગયેલા દવાખાના વગેરે પ્રશ્નો ઉપરાંત ટોરંટ વીજ કંપની દ્વારા વસૂલવામાં આવતો પાવર ફ્યુઅલ ચાર્જ ઘટાડવા, જીપીએસી દ્વારા ગેસબીલમાં વસૂલવામાં આવેલ રૂ.૭૫નો વિલંબ ચાર્જ માફ કરવા, પિકપ સ્ટેન્ડની સાફસફાઈ કરવા, નવી સિટી બસો શરૂ કરવા સહિત ખાલી પ્લોટો-ફૂડકોર્ટની બાકી દુકાનોની હરાજી, પાટનગરના અસરગ્રસ્તોને ન્યાય આપવા અને ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટને કાર્યરત કરવા માંગ કરવામાં આવી છે. દેખાવો દરમ્યાન કેટલાક અગ્રણીઓના માટે પહેલીવાર કોઈ સંસ્થાએ વસાહતીઓની પાયાની સમસ્યાઓ જાણવા પ્રયાસ કરીને તે અંગે આટલી અસરકારક રીતે રજૂઆત કરી છે.

## પોસ્ટ બચત ખાતામાં લઘુતમ જમા રાશિ રૂ. ૫૦૦ જાળવી રાખવી આવશ્યક

ગાંધીનગર, તા.૧૪
ભારતીય ટપાલ વિભાગના ગાંધીનગર ડિવિઝનના સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસિસની યાદીમાં જણાવ્યાનુસાર પોસ્ટ બચત ખાતા ધારકે પોતાના બચત ખાતામાં લઘુતમ જમા રાશિ રૂપિયા ૫૦૦ જાળવી રાખવી પડશે. જો બચત ખાતામાં લઘુતમ જમા રાશિ રૂપિયા ૫૦૦ જાળવી રાખવામાં નહીં આવે તો વાર્ષિક રૂપિયા ૧૧૮ (રૂપિયા ૧૦૦ સર્વિસ ચાર્જ રૂપિયા ૧૮ જીએસટી) મેઈન્ટેનન્સ ચાર્જ તરીકે ખાતાધારકના ખાતામાંથી ઓટો ડેબિટની સુવિધા મારફતે વસૂલવામાં આવશે અને ત્યારબાદ ખાતામાં જયારે શૂન્ય બેલેન્સ થશે ત્યારે બચત ખાતું આપોઆપ બંધ થઈ જશે.

પોસ્ટ બચત ખાતા ધારકોને બચત ખાતા સંબંધિત લેવડદેવડના વ્યવહાર અંગે કોઈ અગવડ અથવા સમસ્યા ન ઉદભવે તે હેતુથી બચત ખાતામાં ઓછામાં ઓછું રૂપિયા ૫૦૦ બેલેન્સ રાખવું આવશ્યક છે જેની તમામ બચત ખાતા ધારકોને નોંધ લેવા યાદીમાં વધુમાં જણાવાયું છે.


## વાંસજડા ગામેથી કોપરની પાઈપો સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪
વાંસજડા ગામની સીમમાંથી ૫૦૦ કિલો કોપરની પાઈપ સાથે બે યુવકોને એલસીબી પોલીસે દબોચી લીધા છે. આરોપીઓએ અઠવાડીયા પહેલા વડસરની કંપનીમાંથી કોપર પાઈપની ચોરી કરી હતી. પોલીસે રૂ.૯૭,૮૨૫ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એલસીબી પી.આઈ. જે.જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જી. એનુરકાર અને કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ રાજવીરસિંહ અને વિજયસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે




આજથી ચાર પાંચ દિવસ અગાઉ વડસર ખાતે ટોપલાઈન કંપનીમાં કોપરની પાઈપોની ચોરી થઈ હતી. આ ચોરી વંસજડાના નિરવ ઠાકોર અને મંજેશ ઠાકોરે કરી છે તેઓ બંને હાલ ચોરીની પાઈપો સાથે વાંસજડા ગામના સરકારી ગોચર થરાપાટ વિસ્તારમાં આવેલી તલાવડી નજીક ઉભા છે. બાતમીને પગલે એલસીબી પોલીસે સ્થળ પર જઈ રેડ પાડી પલ્સર બાઈક જીજે-૧૮-ડી.એફ.૨૫૩૫ સાથે નિરવ વિહાજી ઠાકોર (રહે. વચલો ચોરાવાડ વાસ વાંસજડા) અને મંજેશ દિનેશજી ઠાકોર (રહે. વાંસજડા મોટા)ને પકડી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી પ્લાસ્ટિકીની મીણિયાની થેલીઓમાંથી કોપરની પાઈપોના કાપેલા ટુકડા મળી આવ્યા હતા. કોપરની પાઈપો ૧૫૦.૫૦૦ કિલો કિંમત રૂ. ૯૭,૮૨૫નો મુદ્દામાલ કબજે કર્યો છે બંને યુવકોની પુછપરછ પોલીસે કરતા યોગ્ય જવાબ આપી શકયા ન હતા. પોલીસે ઉંડાણપૂર્વક પુછરછ કરતા આરોપીઓએ ગત રવિવારના રોજ રાત્રીના સમયે વડસર સ્થિત ટોપલાઈન કંપનીમાંથી આ કોપરની પાઈપો ચોરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે ખાત્રી કરતા સાંતેજ પોલિસ મથકે ગુનો નોંધાયેલ છે. જેથી પોલીસે ૧૫૦.૫૦૦ કિલો કિંમત રૂ. ૯૭,૮૨૫ બાઈક કિંમત રૂ. ૨૫૦૦૦ કબ્જે કરી આરોપીઓ સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર સ્થિત હિલવુડસ શાળામાં ધો-૪માં અભ્યાસ કરતી જલધિ રાજયગુરૂએ હિન્દી દિવસ નિમિત્તે શુભકામના વ્યકત કરતો ઓનલાઈન વિડીયો શાળામાં પ્રસ્તુત કર્યો હતો તથા દેશ અને સમાજમાં હિન્દી ભાષાનું મહત્વ અને પ્રભુત્વ પાઠવતી કવિતાનું પઠન કરી હિન્દી દિવસની શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરના સેક્ટર ૪-એમાં બે માસથી બંધ સ્ટ્રીટ લાઈટોના કારણે હાલાકી..!!

ગાંધીનગર તા.૧૪
ગાંધીનગરના સેક્ટર ૪-એ વિસ્તારમાં રિંગરોડ તેમજ આંતરિક શેરીઓમાં છેલ્લા બે એક માસથી આશરે ૧૫૦ કરતાં વધુ સ્ટ્રીટલાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ તાજેતરમાં ચોમાસાની ઋતુ હોવાને કારણે સાપ, નાના જીવજંતુના જોખમ સાથે શેરીઓમાં રખડતા કુતરા કરડી જવાનો ભય સતાવતો હોવાથી રહીશોમાં અગવડતા સાથે ભયની લાગણી પણ ફેલાવા પામી છે જ્યારે રિંગ રોડ પર બેસી રહેતા રખડતા ઢોરને કારણે વાહન ચાલકોને માથે પણ અકસ્માત થવાનું જોખમ તોળાઈ રહ્યું છે.



સેક્ટર ૪-એમાં વીજ પોલ નં ૧૪૫ થી ૧૬૨ લાંબા સમયથી બંધ હાલતમાં છે, આ બાબતે ઈઈએસએલના ફરિયાદ કરવાના સંપર્ક નંબર ૭૪૩૪૮૦૦૦૮૮નો સંપર્ક આ વિસ્તારના અનેક સ્થાનિક રહેવાસીઓ દ્વારા કરી સ્ટ્રીટ લાઈટો બંધ હોવા અંગે ફરિયાદો નોધાવેલ છે પરંતુ કંપની દ્વારા "કેબલ ફોલ્ટ હોવાથી આ કામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવશે" તેવો જવાબ આપવામાં આવી રહ્યો છે અને આ સમસ્યાનું કોઈ સમાધાન કરવામાં આવી રહ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે રહીશો દ્વારા કરવામાં આવેલી ફરિયાદ સંદર્ભે તેમને કંપની દ્વારા કોઈ ફરિયાદ નોંધણી નંબર પણ આપવામાં આવતો નથી કે કેટલા સમયમાં સમસ્યાનો નિકાલ થશે એ બાબત પણ જણાવવામાં આવતી નથી. સ્થાનિક નગરસેવકો પણ આ સમસ્યા અંગે અગમ્ય કારણોસર આંખ આડા કાન કરી રહ્યા છે જેના કારણે રહીશોની હાલત કફોડી થવા પામી છે.



ખાસ કરીને વડીલ નાગરિકો તેમજ પોતાના અગત્યના કામકાજ કે નોકરી-વ્યવસાય પરથી મોડી સાંજે પરત ફરતી મહિલાઓ સહિતના નાગરિકો માટે જોખમરૂપ સ્થિતિ સર્જાવા પામી છે જેથી સત્વરે આ સમસ્યા ઉકેલાય તે જરૂરી બન્યું છે.

### વિજકંપની અને વહીવટી તંત્ર વચ્ચે તાલમેલનો અભાવ

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વીજ નિયમન પંચના "સ્ટાન્ડર્ડ ઓફ પર્ફોર્મન્સ ઓફ ડિસ્ટ્રીબ્યુશન લાયસન્સ નોટિફિકેશન નં.૧૦ના ભાગ સ્ટ્રીટ લાઈટ કમ્પ્લેંટ્સ ૧૩.૩માં જણાવ્યા મુજબ બને તેટલી જલ્દીથી ફરીયાદનો નિકાલ વીજવિતરણકર્તા દ્વારા લાવવાનો હોય છે પરંતુ ગાંધીનગરમાં આ બાબતે ટોરેન્ટ પાવર અને મહાનગરપાલીકા વચ્ચે પણ સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે જેના કારણે નાગરીકોને તકલીફ સહન કરવી પડી રહી છે. જો કે હમણાં મેઈન રોડ પર સ્ટ્રીટલાઈટના જૂના થાંભલા બદલવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે જ્યાં અત્યંત જરુરીયાત છે ત્યાં જૂના થાંભલા જે બંધ હાલતમાં છે તેને બદલવામાં કોઈ રસ નથી લઈ રહ્યું તેવું રહીશોમાં ચર્ચાઈ રહ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. અરૂણસિંહ ભીખાજી રાઠોડ, ઉ.વ. ૬૫, બોરીજ, ગાંધીનગર
- સ્વ. ભાસ્કર સપનકુમાર જયદીપભાઈ, ઉ.વ. ૩૨, ભાટ, તા. ગાંધીનગર
- સ્વ. દંતાણી મંજુલાબેન જસંગભાઈ, ઉ.વ. ૭૦, કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. રતિભાઈ નરસિંહભાઈ ગઢીયા, ઉ.વ. ૮૭, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. ભરવાડ જનકબેન જાલમભાઈ, ઉ.વ. ૧૮, સેકટર-૧૪, ગોકુલપુરા, ગાંધીનગર
- સ્વ. દેવપુજક મુકતાબેન અમરસિંહ, ઉ.વ. ૬૪, સે-૧૪, ગોકુલપુરા, ગાંધીનગર
- સ્વ. ગોંડલીયા કેશુભાઈ ભુરાભાઈ, સેકટર-૧૭, ગાંધીનગર